# ગુજરાતી સાહિત્ય પરિષદનું ૪૭મું અધિવેશન : અહેવાલ

**અજય પાઠક**

ગુજરાતી સાહિત્ય પરિષદના સુડતાલીસમા અધિવેશનનું આયોજન એન. એસ. પટેલ આર્ટ્સ કૉલેજના યજમાનપદે આણંદ મુકામે તા. ૨૪-૨૫-૨૬ ડિસેમ્બર ૨૦૧૩ના ત્રણ દિવસ યોજાયું હતું. યુ.જી.સી.ના કૉલેજ વિથ પોટેન્શિયલ ફોર એક્સેલન્સના અનુદાનથી તથા ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગરના સહયોગથી આયોજક સંસ્થાનો ઉત્સાહ દ્વિગુણીત બન્યો હતો. તા. ૨૪ ડિસેમ્બર ૨૦૧૩, મંગળવાર બપોરે ૩-૦૦ કલાકે એન. એસ. પટેલ આર્ટ્સ કૉલેજ, આણંદના પટાંગણમાં જાણીતા કવિ, વિવેચક, ચરિત્રકાર અને પૌર્વાત્ય-પાશ્ચાત્ય સાહિત્યના ઊંડા અભ્યાસી શ્રી ધીરુ પરીખના પ્રમુખસ્થાને શિયાળાની ગુલાબી ઠંડીના ખુશનુમા વાતાવરણમાં અધિવેશનની ઉદ્‌ઘાટન – બેઠકનો પ્રારંભ થયો હતો. સભામંડપમાં વિવિધ સ્થળોએથી પધારેલાં સાહિત્યકારો, સાહિત્યરસિકો, અધ્યાપકો અને વિદ્યાર્થી ભાઈ-બહેનોની વિશાળ ઉપસ્થિતિ હતી. સાદો પણ ફૂલોથી સુશોભિત મંચ, આછા સુંદર રંગોમાં તૈયાર થયેલ વિશાળ બેનર, મંચની નીચે મહેમાનો/શ્રોતાજનોની પ્રથમ હરોળની સમક્ષ વિવિધરંગી ચોખાથી પૂરેલું મંડળ, તેના ચાર ખૂણે બાજોઠ પર ગોઠવાયેલ કળશ વગેરેથી વાતાવરણ નયનરમ્ય બની રહ્યું હતું. એન. એસ. પટેલ કૉલેજના મુખ્ય પ્રવેશદ્વારને રાવજી પટેલની સ્મૃતિથી અંકિત કર્યું હતું જ્યારે સભામંડપના દ્વારને ઈશ્વર પેટલીકરની સ્મૃતિથી અંકિત કર્યું હતું. પરિસરમાં બહોળી સંખ્યામાં સાહિત્યકારોની મોટી તસવીરોની હરોળ માર્ગની બન્ને બાજુએ ઊભી કરીને એક સાહિત્યિક માહોલ સર્જવામાં આવ્યો હતો. બેઠકના પ્રારંભ પૂર્વેની ક્ષણોમાં ધીમા અને કર્ણપ્રિય સંગીતના સૂરો મનને પ્રસન્નતા અર્પતા હતા. કાર્યક્રમ સમયસર આરંભાયો હતો. યજમાન સંસ્થાના તરવરિયા, ઉત્સાહી યુવાન અધ્યાપક શ્રી અજયસિંહ ચૌહાણે કાર્યક્રમનું સંચાલન સંભાળ્યું હતું.

કાર્યક્રમનો આરંભ આણંદની સંગીતશાળાના વિદ્યાર્થી/વિદ્યાર્થિનીઓએ રજૂ કરેલ ‘જય જય ગરવી ગુજરાત’ના સુંદર ગાનથી કરવામાં આવ્યો હતો. મંચ પર સર્વશ્રી ધીરુ પરીખ (પ્રમુખ), વર્ષા અડાલજા (નિવૃત્ત થતાં પ્રમુખ), રઘુવીર ચૌધરી, અનિલા દલાલ, કુમારપાળ દેસાઈ, કુલીનચંદ્ર યાજ્ઞિક, હર્ષદ ત્રિવેદી (મહાપાત્ર, ગુજરાત સાહિત્ય અકાદમી), ઉષા ઉપાધ્યાય, પ્રફુલ્લ રાવલ, યોગેશ જોષી, રાજેન્દ્ર પટેલ, કીર્તિદા શાહ, જનક નાયક, રવીન્દ્ર પારેખ, મોહનભાઈ પટેલ (યજમાન સંસ્થાના આચાર્ય), ભીખુભાઈ પટેલ (યજમાન સંસ્થાના મેને. ટ્રસ્ટી) તથા હરીશ પાઢ (અતિથિવિશેષ - કુલપતિ, સર.

પટેલ. યુનિ.) બિરાજમાન હતાં. પશ્ચાત્-ભૂમાં સંસ્કૃત શ્લોકપાઠ સાથે મંચસ્થ મહાનુભાવો દ્વારા દીપપ્રાગટ્ય વિધિ કરવામાં આવ્યો હતો.

સ્વાગતમંત્રીશ્રી મોહનભાઈ પટેલે સૌ મહેમાનો, સાહિત્યકારો, સાહિત્યરસિકોનું ઉષ્માપૂર્ણ સ્વાગત કર્યું હતું. એન. એસ. પટેલ કૉલેજમાં આચાર્ય તરીકે જોડાયા ત્યારનું પોતાનું 'વિઝન' અને 'મિશન' યાદ કરતાં તેમણે કૉલેજના વિકાસની વાત કરી હતી અને ગુજરાતની નંબર એક કૉલેજ બનાવવાનું સ્વપ્ન આ દસ વર્ષમાં સિદ્ધ થયાનો તથા સાહિત્ય પરિષદના અધિવેશનના યજમાન બનવાનો લ્હાવો લેવાનો આનંદ પ્રગટ કર્યો હતો. સ્વાગતમંત્રીના ઉદ્‌બોધન બાદ સ્વાગત- પ્રમુખશ્રી ભીખુભાઈ પટેલે આ પ્રસંગનું ઉમળકાભેર સ્વાગત કર્યું હતું. સંસ્થાના મેને. ટ્રસ્ટી તરીકે તેમણે સંસ્થાના વિકાસ માટે કરેલ પ્રયત્નો અને પરિણામોની ઝલક આપી હતી અને M.A. (ગુજરાતી)ના સ્પેશ્યલ કોર્સની માન્યતા કેવી રીતે મળી તેનો ઉલ્લેખ કર્યો હતો તેમ ગુજરાતી ભાષાના ગૌરવ તરીકે તેને બિરદાવવો જોઈએ તેવી જિકર કરી હતી. એમ્પ્લોયમેન્ટ ઓરિએન્ટેડ કોર્સીસની શરૂઆત તથા તેના પ્રભાવની વાત કરી હતી. શબ્દોથી સ્વાગત કર્યા બાદ મંચસ્થ મહાનુભાવોનું શાલ તથા સ્મૃતિભેટ અર્પણ કરીને સન્માન/સ્વાગત કરવામાં આવ્યું હતું.

આ તકે શ્રી હર્ષદ ત્રિવેદીએ ગુજરાત સાહિત્ય અકાદમી વતી યજમાન સંસ્થાને રૂ. ૩ લાખનો ચેક અનુદાન રૂપે અર્પણ કર્યો હતો. યજમાન સંસ્થાના મેને. ટ્રસ્ટી શ્રી ભીખુભાઈ પટેલે સંસ્થા તરફથી રૂ. ૧ લાખનું અનુદાન આ તકે ગુજરાતી સાહિત્ય પરિષદને જાહેર કર્યું હતું.

સરદાર પટેલ યુનિવર્સિટીના કુલપતિશ્રી હરીશ પાઢે અતિથિવિશેષ તરીકેના પોતાના ઉદ્‌બોધનમાં સૌનું સ્વાગત કર્યું હતું તથા સાહિત્ય પરિષદના અધિવેશનનું આયોજન કરીને આ કૉલેજે પોતાના અધ્યાપકો અને વિદ્યાર્થીઓને એક વિરલ Exposure આપવાનું સુંદર કામ કર્યું છે તેથી શ્રી ભીખુભાઈ પ્રતિ ખાસ આભાર પ્રગટ કર્યો.

ત્યારબાદ પરિષદના મંત્રીશ્રી રાજેન્દ્ર પટેલે પરિષદનાં કાર્યોનો વાર્ષિક અહેવાલ ટૂંકમાં રજૂ કર્યો હતો. અહેવાલની મુદ્રિત નકલ સૌ પ્રતિનિધિઓને વિતરિત કરવામાં આવી હતી. વક્તવ્ય રજૂ કરતાં તેમણે દર્શકને ટાંકીને સાહિત્યના ક્ષેત્રમાં ઊગતી પ્રતિભાને પાંગરતી કરવાની પ્રવૃત્તિની જિકર કરી હતી. ૯૫ જેટલી કાર્યશિબિરો થઈ, ૧૭ વ્યાખ્યાનશ્રેણીનાં વ્યાખ્યાનો થયાં, ૧૬ પ્રકાશનો થયાં, ગ્રન્થાલયમાં ૮૦,૦૦૦ પુસ્તકો તથા ૬૨,૦૦૦ પુસ્તકોનું કૅટલૉગ કરવામાં આવ્યું છે અને ૧૫૦૦ પુસ્તકોનું ડિજિટલાઇઝેશન કરવામાં આવ્યું છે, ઇન્ટરનેટ અને વેબસાઇટનો વિકાસ/વિસ્તાર થઈ રહ્યો છે વ. વ. ઉલ્લેખો કર્યા હતા.

નિવૃત્ત થતાં પ્રમુખશ્રી વર્ષા અડાલજાએ પોતાના ઉદ્‌બોધનમાં હળવો કટાક્ષ કરતાં

કહ્યું કે અધિવેશન સ્થળના પરિસરમાં સાહિત્યકારોની છબિઓ બહોળી સંખ્યામાં મૂકવામાં આવી છે પરંતુ તે છબિઓમાં એક પણ લેખિકાની છબિ નથી. તેમણે મુંબઈમાં સાહિત્યના કાર્યક્રમો કરવામાં આવે છે તેનો તથા નવા સર્જકોની પીઠ થાબડી છે તેનો ઉલ્લેખ કર્યો. તેમણે લોકપ્રિયતાની વાત છેડી અને લોકપ્રિયતા એક લપસણો ઢાળ છે તે વિશે ધ્યાન દોર્યું હતું. વિદાય લેતાં પ્રમુખ તરીકે તેમણે લાગણી વ્યક્ત કરી કે પરિષદ એક બહોળો પરિવાર છે અને અનુરોધ કર્યો કે સૌએ સાથે રહેવાનું છે. ત્યારબાદ તેમણે વરાયેલા પ્રમુખશ્રી ધીરુ પરીખને સ્મૃતિચિહ્ન દ્વારા કાર્યભારની સોંપણી કરી.

શ્રી પ્રફુલ્લ રાવલે પ્રમુખશ્રી ધીરુ પરીખનો પરિચય આપ્યો. ત્યારબાદ શ્રી ધીરુ પરીખે પ્રમુખીય વક્તવ્ય આપ્યું હતું. તેમનું મુદ્રિત વ્યાખ્યાન પ્રતિનિધિઓને વિતરિત કરવામાં આવ્યું હતું. તેમના વ્યાખ્યાનનો વિષય હતો ‘સર્જક અને સ્વાતંત્ર્ય’. ૧૯ પાનાંના વક્તવ્યને શબ્દશઃ વાંચીને રજૂ ન કરતાં તેમાંથી મહત્ત્વનાં અવતરણો, કાવ્યપંક્તિઓ અને વક્તવ્યવિશેષને રજૂ કરતાં જઈ બહુ જ સમયસંયમ સાથે રજૂઆત કરી હતી. વક્તવ્યના આરંભ ભાગમાં થોડી અંગત ભૂમિકા રજૂ કરીને પછી વિષય પર આવતાં વિદ્વત્તાસભર વાણીમાં પોતાનાં વિચારો/વાતો રજૂ કર્યાં હતાં. તેમણે કહ્યું કે ‘‘શીર્ષકમાં ‘સર્જક’ શબ્દ તેના ઉત્તરપદ ‘સ્વાતંત્ર્ય’ને ઉભયાન્વયી ‘અને’થી જોડે છે. ના, એ માત્ર જોડનાર નહિ પણ એનો પ્રાણાધાર છે.’’ તેમણે હોમરના ‘ઇલિયડ’ અને ‘ઓડિસી’, મહાકવિ વર્જિલના ‘ઇનીડ’ અને ડૅન્ટિના ‘ડિવાઇન કૉમેડિ’ના ઉલ્લેખો કર્યા. ડૅન્ટિના લિઆટ્રિસ નામની કિશોરીના ભૌતિક પ્રેમની વાતનો ઉલ્લેખ કરી ‘ડિવાઇન કૉમેડિ’માં તે દિવ્યપ્રેમમાં કઈ રીતે રૂપાંતરિત થાય છે તેની વાત તે મહાકાવ્યના ત્રણ ભાગ ઇન્ફર્નો (નરકલોક), પર્ગેટોરિયો (શોધનલોક) અને પેરેડિસો (સ્વર્ગલોક)માં કવિએ કરેલા માનવજીવનની ઊર્ધ્વયાત્રાના કાવ્યાત્મક નિરૂપણના ઉલ્લેખ સાથે કરી હતી. આ ક્ષણે શ્રોતાજનો અને મંચસ્થ મહાનુભાવોના હૃદયને આ સાહિત્યનો શબ્દ પ્રભાવમાં લઈ રહ્યો હોય તેવો અનુભવ થયો હતો. તેમના વક્તવ્યમાં અનેક પ્રાચીન/અર્વાચીન, પૂર્વ-પશ્ચિમના કવિઓના ઉલ્લેખો આવતા રહ્યા હતા જે તેમની વિદ્વત્તાના તેમ કાવ્યપ્રીતિના પરિચાયક હતા.

કવિ ‘કાન્ત’ તથા ન્હાનાલાલને યાદ કરીને તેમણે કહ્યું કે ‘ધર્મપરિવર્તનને કારણે કાન્તને અને રાજકીય મતભેદોને કારણે ન્હાનાલાલને જીવનમાં સહન કરવાનું આવ્યું છે, પણ એથી એમની સાહિત્યિક સ્વાયત્તતાને આંચ આવી નથી.’

રવીન્દ્રનાથ ટાગોરના એક કાવ્ય ‘પિંજરનું પંખી’નો ઉલ્લેખ અને આસ્વાદ કરાવ્યો. બૉદલેર પરના અશ્લીલતા આરોપ તથા માનસિક ત્રાસનો ઉલ્લેખ કરીને જણાવ્યું કે ‘‘આટઆટલી વિટંબણા વચ્ચે પણ બૉદલેરનું કાવ્યસર્જન તો યથાતથ ચાલુ રહ્યું હતું. આ દર્શાવે છે કે સર્જક એના સર્જનની ક્ષણે કોઈનો તાબેદાર નથી જ નથી.’’

શ્રી ધીરુ પરીખે Prose Poemની વાત કરી.

વક્તવના સમાપનમાં બ.ક. ઠાકોરને યાદ કર્યા. 'સર્જકકવિ અને લોકપ્રિયતા' નામક સૉનેટનો સંદર્ભ કર્યો.

**'જુવો ઉઘાડું છે કમાડ, જાવ જ્યાં રુચે;**
**સ્વલ્પ બિન્દુ યે દયાનું ના ખપે હુંને.'**

તેમણે ભારપૂર્વક અને પોતાની દૃઢ માન્યતા તરીકે જણાવ્યું કે ''કોઈ સંસ્થા, સરકાર, સંઘ કે સરદારની પણ તે પરવા કર્યા વગર પોતાને વશવર્તીને સર્જક પ્રવૃત્ત થવો જોઈએ એ સર્જન અને સર્જકની યશકલગી છે.''

શ્રી રઘુવીર ચૌધરીએ પ્રાસંગિક વક્તવ્યમાં ઉપસ્થિત સાહિત્યરસિકોને પરિષદના હોદ્દેદારો/કાર્યકરોની નિષ્ઠાથી પરિચિત કર્યા. તેમણે વિવિધ પ્રતિભાઓના મૂલ્યવાન સાહિત્યિક/સામાજિક પ્રદાનને યાદ કરી ચરોતરના પ્રદેશની મહત્તાનું સ્મરણ કરાવ્યું. પોતાની વાતમાં શ્રી ધીરુ પરીખની શબ્દનિષ્ઠા, શ્રી બચુભાઈ રાવત સાથેની તેમની કામગીરી વ. વણી લીધાં. નડિયાદની સાક્ષરતા, ગોવર્ધનરામ અને 'સરસ્વતીચંદ્ર'ની મહત્તા, નડિયાદની મુનશીની પરિષદનું અધિવેશન વ. યાદ કર્યાં. અંતમાં શ્રી અજયસિંહ ચૌહાણે યજમાન સંસ્થા વતી આભારદર્શન કર્યું.

ઉદ્‌ઘાટન બેઠકની ભવ્યતાની સાથે બધાં જ વક્તવ્યો સમયની મર્યાદામાં રહ્યાં હોઈ સમગ્ર બેઠક સમયસર સંપન્ન થઈ. આમ શબ્દસૌંદર્યની સાથે સમયસંયમની પ્રતિષ્ઠા થઈ. તેથી અન્ય વિગતો ઉપરાંત આ મુદ્દેય આ બેઠક સ્મરણીય બની રહેશે.

ભોજન પૂર્વેના સમયમાં પ્રતિનિધિઓએ 'રાવજી મંડપ' અને 'પુસ્તક પ્રદર્શન/વેચાણ'ની મુલાકાતો લીધી હતી. રાવજીના હસ્તાક્ષરમાં મુકાયેલી રાવજીની કેટલીક કાવ્યકૃતિઓના પુનઃવાચનનો લાભ મળ્યો હતો. શિખરિણીમાં વહેતું 'એક મધરાતે' સૉનેટ ફરીથી પ્રગટ પઠન કરવા પ્રેરી રહ્યું હતું. (સહધર્મચારિણીને શ્રવણલાભ મળ્યો હતો.) એ કાવ્ય પર કોઈની મોટા અક્ષરે નોંધ હતી 'ગ્રેટ'. I endorsed. પુસ્તક-પ્રદર્શનમાં/વેચાણમાં એટલી ભીડ થઈ હતી કે સરળતાથી પુસ્તક પસંદ કરવાં મુશ્કેલ બની રહ્યાં હતાં. (સમાચાર છે કે ૪ લાખની કિંમતનાં પુસ્તકો વેચાયાં હતાં !) હું તથા મારાં પત્ની એક બાજુ બેસી ગયાં હતાં. ત્યાં બે/ચાર કિશોરીઓ-વિજ્ઞાનની વિદ્યાર્થિનીઓ અસ્તિત્વવાદી વિચારધારાના લેખકો વિશેની સુરેશ જોષીની પુસ્તિકાઓ લઈ આવીને માર્ગદર્શન પૂછતી હતી - આ કેવી ચોપડીઓ છે ? અમારે ખરીદવી ? તેમને જરૂરી માર્ગદર્શન આપ્યું અને અનુભવ્યું કે પુસ્તકપ્રદર્શન/વેચાણ સમયે એક Counselling Counterની વ્યવસ્થા પણ ગોઠવી હોય તો કેમ ?

ભોજન પછી સત્રની પહેલી બેઠક રાત્રે ૮-૩૦ વાગે શરૂ થઈ હતી. આસ્વાદની આ બેઠકનો વિષય હતો 'છંદ રાજેન્દ્ર' – રાજેન્દ્ર શાહની કવિતાઓ. બેઠકનું સંચાલન શ્રી રાજેન્દ્ર પટેલે કર્યું હતું. વિભાગીય અધ્યક્ષ શ્રી ધીરુ પરીખ પોતાની નાદુરસ્ત તબિયતના કારણે ઉપસ્થિત રહી શક્યા ન હતા. તેમનું મુદ્રિત વક્તવ્ય શ્રી યોગેશ જોષીએ

વાંચ્યું હતું. તેમણે મુદ્દો/વિષય કર્યો હતો, 'રાજેન્દ્ર શાહ : લયનો ઉત્સવ'. સાતેક પાનાંના વક્તવ્યમાં તેમણે રાજેન્દ્ર શાહની કવિતાનો સુપેરે પરિચય કરાવ્યો હતો. કવિની લયસૂઝને બિરદાવી હતી. રાજેન્દ્ર પટેલે સંચાલનકાર્ય દરમિયાન ટૂંકી વિગતો રજૂ કરતાં જઈ કવિશ્રીની પ્રતિભાનો પરિચય કરાવ્યો હતો.

કવિશ્રી રાજેન્દ્ર શાહનાં કાવ્યોના પઠનમાં સર્વશ્રી મણિલાલ પટેલ, ઉષા ઉપાધ્યાય, હર્ષદ ત્રિવેદી, પ્રવીણ પંડ્યાએ સુંદર પઠન દ્વારા આસ્વાદની બેઠકને રસપ્રદ બનાવી હતી. નિરુદ્દેશે, આયુષ્યના અવશેષે, શ્રાવણી મધ્યાહ્ને, કેવડિયાનો કાંટો, ઈંધણા વીણવા ગઈ'તી મોરી સૈયર વ. જાણીતાં કાવ્યોને યાદ કરાયાં હતાં, પઠન માટે પસંદ કરાયાં હતાં તેમ કેટલાંક નોંધપાત્ર ગીતોનાં પઠન થયાં હતાં. પઠનકર્તાઓએ કવિની કાવ્યશક્તિ વિશે પણ થોડી વાતો પ્રસ્તુત કરી હતી. આ રીતે કવિની જન્મશતાબ્દી સંદર્ભે કવિની પ્રતિભાનો સુપેરે પરિચય કરાવવામાં આવ્યો હતો અને આસ્વાદ-બેઠકને સાર્થક બનાવવામાં આવી હતી. ઉત્તરાર્ધમાં શ્રી નિરંજન રાજ્યગુરુએ પોતાના સુંદર કંઠે પાંચેક ભજનો રજૂ કરીને બેઠકનો રંગ જમાવ્યો હતો. શબ્દ અને સૂરની, અધ્યાત્મની સુવાસ વાતાવરણમાં પ્રસરી રહી હતી.

તા. ૨૫મીની સવારે ૯-૩૦ કલાકે સત્રની ૨જી બેઠકનો આરંભ થયો હતો. કેફિયતની આ બેઠકનો વિષય હતો 'સાહિત્યસ્વરૂપ – કવિતા.' સંચાલન શ્રી નીતિન વડગામાએ કર્યું હતું. આ બેઠકના અધ્યક્ષશ્રી માધવ રામાનુજની અનુપસ્થિતિમાં તેમનું મુદ્રિત વક્તવ્ય શ્રી સતીશ વ્યાસે વાંચ્યું હતું. માધવ રામાનુજના વક્તવ્યનો વિષય હતો 'કંઈક વિશેષ...' તેમાં તેમણે કહ્યું કે ''આ, સર્જન સ્વયં એક દિવ્ય ચમત્કાર છે ! એને વિશે વાત કરવા જઈએ તો વાત તો કરી શકાય... એને વિશે એટલે સર્જનપ્રક્રિયા વિશે વાત તો કરી શકાય પણ એવું જ થતું હશે એમ ચોક્કસ કહી શકાય નહીં. પછી પોતાના બાળપણ અને શિક્ષણ, કુટુંબમાં ઝીલેલા સંસ્કાર, ભાષાસંસ્કાર, પોતાનું શિક્ષણ, વાચન, સી. એન. વિદ્યાવિહારમાં 'સ્નેહરશ્મિ'નું સાન્નિધ્ય, 'હાઇકુ' રચનાનો અનુભવ, રઘુવીર ચૌધરી તથા અબ્દુલકરીમ શેખ દ્વારા પ્રાપ્ત થયેલ પ્રોત્સાહનનો ઉલ્લેખ કર્યો. શ્રી નિરંજન ભગતે નર્મદ સુવર્ણચન્દ્રક સ્વીકાર પ્રસંગે જે પ્રવચન કર્યું હતું પોતાના વાંચવામાં આવ્યું હતું, વિદ્યાર્થી અવસ્થામાં. તેના પ્રભાવમાંથી કવિતાને સમજવાની એક નવી જ દૃષ્ટિ કે સૃષ્ટિ ઉઘાડી આપી હતી. એ વખતે કવિતાનું આ 'કંઈક વિશેષ' અંતરમાં ઊતર્યું હતું.''

તેમણે એ વાતનો ઉલ્લેખ કર્યો હતો કે ઘણાંને કવિતાનું ક્ષેત્ર ડાબા હાથના ખેલ જેવું લાગે છે. એ રીતે ઘણું લખાય છે પણ ખરું. તેમણે વધુમાં જણાવ્યું કે 'ક્યારેક કોઈ અતિ ઉત્સાહથી પોતાની રચનાઓ વંચાવવા આવે છે ત્યારે એ વાંચીને નિરાશ થઈ જવાય છે... ગઝલ કે ગીતની રીતે લખાણ લખીને લાવ્યા હોય પણ બેમાંથી એકેયના લયની સૂઝ ન હોય !'

તેમણે એ વાતનું ધ્યાન દોર્યું કે ‘‘કવિતા એ મનોરંજનની વસ્તુ નથી. ભલેને એ પઠન કરનારને અને સાંભળનારને આનંદ આપતી હોય; તોપણ એની રજૂઆત કરનારે પોતે મનોરંજન માટે ઊભા છે એવું માનવાની જરૂર નથી.’’ છેલ્લે ઉમેર્યું કે ‘‘અંતે તો સહુની પોતાની કવિતા છે... પોતાની રીતે સમજાતી કવિતા છે...’’

ત્યારબાદ ‘કવિ-કેફિયત’માં શ્રી હરીશ મીનાશ્રુએ કેફિયત અંગે પોતાના આગોતરા વિતરિત મુદ્રિત વ્યાખ્યાન ‘તત્ક્ષણના વિદ્યુત્ સંચારે વલોણું ભાષાનું : ચટક ચટક છમ્મ છમ્મ’ રજૂ કર્યું હતું. તેમનું પઠન બહુ સ્વાભાવિક વાતચીતના સ્વરૂપે ચાલ્યું હતું. વિસ્મયભર્યા ચહેરાના હાવભાવ, વિશિષ્ટ ભાષાભંગીઓ અને આગવી દૃષ્ટિથી આકર્ષાયેલી સમગ્ર સભાને એકચિત્તે સાંભળવું પસંદ પડ્યું હતું. વાતાવરણમાં એક પ્રભાવ ઊભો થયો હતો. ‘કેફિયત’ શબ્દને તેમણે ‘ઉદારચરિત’ ઘટાવ્યો હતો જેમાં એકબીજાથી છેવાડાનું બધું જ સમાવી શકાય. ત્યારપછી કવિતાને પામવાના અવનવા પેંતરા યોજવાના આપણા સ્વભાવનાં નિરીક્ષણો રજૂ કરીને એ સ્વીકાર્યું હતું કે ‘‘એ ચેષ્ટા પાછળ કાવ્યપ્રીતિ જ હોય છે એમાં શંકાને સ્થાન નથી.’’ વધુમાં તેમણે સ્પષ્ટ કર્યું કે પોતાને લેખનના ચારપાંચ વર્ષમાં જ એવું સમજાઈ ગયેલું કે કવિતા ન લખવી, પણ અકલ્પ્ય કારણોસર લખવી પડી. વચગાળાનાં પાંચ અને સાત વર્ષના બ્રેકને બાદ કરતાં લખતા રહેવું પડ્યું. પછીથી પોતાનાં કાવ્યસંગ્રહો/કાવ્યોમાંથી દૃષ્ટાંત સાથે શબ્દચુસ્ત/સંપ્રત્યયચુસ્ત કેફિયત આપી. તેમણે કવિતાની ભાષા વિશે વાત કરી. તેમણે કવિતાને આશય અને આયાસનું પરિણામ છે તેમ કહ્યું. કવિના ચિત્તમાં inbuilt mechanism પડેલું હોય છે તેવી પ્રતીતિ રજૂ કરી. વાલેરીને યાદ કર્યા. કાવ્યભાષા નિજલીલા છે એમ જણાવી કવિએ કવિએ ભાષાલીલા જુદી હોય તેમ કહ્યું. ઉમાશંકર જોશી સાથે બેએક કલાક વાતચીત કરી હતી તેનું સ્મરણ કર્યું. તેમણે કહ્યું કે પિંગળશાસ્ત્ર અને બોલચાલની ભાષાને બાપેમાર્યાં વેર નથી. શ્રુતિસંયોજનોની વાત કરી. લઘુગુરુની વ્યવસ્થાનો ઉલ્લેખ કર્યો. કેફિયતની બેઠકનો આમ પ્રભાવક આરંભ થયો હતો.

બીજા કવિશ્રી મનોહર ત્રિવેદીએ પ્રારંભના વક્તાના પ્રભાવને લક્ષ કરી જરા દબાયેલા સ્વરે કેફિયતનો આરંભ કર્યો હતો. વાતચીતની ઢબે રજૂઆત કરતાં

**કોઈ જાતું હળવે હળવે,**
**કોઈ જાયે ઘા એ ઘા, તું તારી રીતે જા.**

પંક્તિઓ આગવી ઢબે રજૂ કરીને પોતાની ચાલને સ્પષ્ટ કરી. કહ્યું કે મનોહર ત્રિવેદી એની રીતે જાય છે. આ રીતે કાવ્યપંક્તિઓ રજૂ કરીને એક આકર્ષણ ઊભું કરી દીધું.

**‘કોઈ બાળકે ફૂલ ચીતરતાં, મહોરી ઊઠી ભીંત,**
**પતંગિયાને કોણ શીખવે છે ઊડવાની રીત ?**
**કોયલને ક્યાં કહ્યું હતું કે ફાગણનું ગીત ગા !’**

આ ગીત સ્વાનુભવમાંથી આવે છે; પ્રજ્ઞા સાથે હૃદયની ઊર્મિઓ સાથે પ્રગટતું હોય છે. પોતાના સાહિત્યપ્રદાનનો ઉલ્લેખ કરી કહ્યું કે પોતે વાર્તા, કવિતા, નવલકથા, ચરિત્ર – બધું લખ્યું પણ પોતાની છાપ ગીતકવિની રહી. પોતે રમેશ સાથે રહેવાથી પોતાને રમેશઢાળાનો કવિ ગણવામાં આવ્યો વ. ઉલ્લેખો કરીને પોતાની ઉછેર, અનુભવ, શિક્ષણ વ.ની વાત માંડીને કરી. પોતે ઠરીને ગ્રામજીવનમાં રહ્યા છે, ગ્રામજીવનનો લય કાનમાં બેઠેલો છે, કાન કેળવાયેલો છે. અંદર રહેલી સર્જકપ્રતિભા વિકસી. દેવીપૂજક કુટુંબમાં ગવાતાં ગીતો/ભજનો, લાખાભાઈ ગઢવી, દુલા ભાયા કાગ, હેમુ ગઢવી વ.ને યાદ કર્યા. અનંતરાય રાવળનું અતવરણ વાંચ્યું, નર્મદને ટાંક્યા, નિરંજન ભગતને યાદ કર્યા. ગીત પોતે ગાઈને લખ્યાં નથી. કવિતા ગાઈને જ રજૂ કરાય તેવું જરૂરી નથી. દર્શકની ભણાવવાની રીત/ગાઈને કાવ્ય ભણાવવાની રીતનું સ્મરણ કર્યું, મીનપિયાસીને યાદ કર્યા - કબૂતરોનું ઘૂ ઘૂ ઘૂ - આખું રજૂ કર્યું. મકરન્દ દવેનો ઉલ્લેખ કર્યો. દૂધના પાઉડરના ખાલી ડબાને પાટુ મારતા - તે પ્રસંગની કવિતા યાદ કરી - નોનફેટની કવિતા. આ સાથે દર્શક, નાનાભાઈ, મૂળશંકરભાઈ, ન.પ્ર. બુચ વ.ના સાનિધ્યમાં રહેવાનું/ભણવાનું મળ્યું તેનું તીવ્ર ભાવે સ્મરણ કર્યું અને સ્પષ્ટ કર્યું કે કોઈનું સીધું માર્ગદર્શન નહિ પણ રુચિઘડતરનું કામ આ સૌએ કર્યું છે. સુરેશ જોશી અને વડોદરા સ્કૂલના સાહિત્યવિષયક વિચારો વ.ના ઉલ્લેખ સાથે પોતાની મર્યાદા રજૂ કરતાં કબૂલ્યું કે અછાંદસ્‌માં ટપ્પો પડતો નથી. ગાવાનું ગીત અને પઠનનું ગીત એવા ભેદ સ્પષ્ટ કર્યા. મેઘાણીની સામે નિરંજન ભગતનું પથ્થર થર થર ધ્રૂજેનું પઠનસૌંદર્ય, 'ધીરે ધીરે ઢાળ ઊતરતી ટેકરીઓની સાખે તમને ફૂલ દીધાનું યાદ'ના પ્રલંબલયનું પઠનસૌંદર્ય ચીંધ્યું, કવિતા લખતો હોઉં છું ત્યારે હું ને મારો અંતર્યામી જાણે છે. તેમણે કહ્યું કે પ્રેરણા અને પુરુષાર્થથી કવિતા નીપજે છે. ગીતની પંક્તિ કેમ આવે છે તે સમજાવી શકાતું નથી. પોતે ગામડામાં બેઠા છે, ગ્રામજીવનનો ધબકાર ઝીલ્યો છે તેનો આનંદ છે અને સંતોષ છે. ખેતર, વાડીઓએ જે આપ્યું છે તેની પ્રસન્નતા છે. આ સંદર્ભે પોતાની કવિતા 'આમ આપણું આ ચાલે છે ગાડું'ને યાદ કરી. પોતે વૃક્ષોનાં ગીત, તડકાનાં ગીત, નદીયુંનાં ગીત, ચોરાનાં ગીત, તળપ્રદેશનાં ગીત લખ્યાં છે તે સ્મરણ કર્યું. પોતે આરતી કરવાના પ્રસંગે ટોકરી વગાડવાનું ચૂકી જતા અને બંનેનો લય સાચવી ન શકતા તે બાળપણનો પ્રસંગ યાદ કરીને શ્રોતાઓને રાજી કરી દીધા હતા. અંતમાં કવિએ પોતાને જે કાવ્યથી ખૂબ પ્રસિદ્ધિ મળી છે તે 'તો પપ્પા, હવે ફોન મૂકું ?' રજૂ કરીને સમાપન કર્યું હતું.

ત્યારબાદ ત્રીજા કવિ, જાણીતા ગઝલકાર શ્રી જલન માતરીએ કેફિયત આપતાં પહેલાં કેટલાક પસંદગીના શે'ર સંભળાવ્યા હતા. વાતાવરણમાં આ રીતે વળાંક આવ્યો હતો અને શ્રોતાજનોએ આવકાર્યો હતો. તેમણે કહ્યું કે ગઝલ/શે'ર દિલની જબાનથી લખાય છે. આ બુદ્ધિનો વિષય નથી. તેમણે કહ્યું કે કવિ જન્મે છે. છંદને અનુસરવું જોઈએ તેમ પોતે માને છે એમ કહી સૈફ પાલનપુરીની સલાહ – અરુઝમાં બહુ ઊંડા

ઊતરવાની જરૂર નથી–ને પોતે અનુસર્યા તે વાતનું સ્મરણ કર્યું અને સ્પષ્ટ કર્યું કે પોતે પોતાની રીતે લખવાનું રાખ્યું. વિવેચકો પોતાની રીતે પોતાનો અભ્યાસ કરશે એમ જણાવ્યું. મોટાભાઈ સફર માતરી, વચેટભાઈ વ્રજ માતરી – બંને ભાઈઓના કેટલાક શે'ર રજૂ કર્યા બાદ જણાવ્યું કે પોતાને લેખનના આરંભકાળમાં બંને ભાઈઓ તરફથી પ્રોત્સાહન/માર્ગદર્શન પ્રાપ્ત થયાં છે. પોતાનામાં મોટાભાઈએ આત્મવિશ્વાસ પ્રગટ કર્યો હતો તે વાત કહી. પછી તેમણે ગુજરાતમાં ગઝલનો વિકાસ/વિસ્તાર, લોકપ્રિયતા, વિદ્વાનોની ઉપેક્ષા વ. વાતો કરી. પરંપરાની ગઝલ અને આજની આધુનિક ગઝલ વિશેની લાક્ષણિકતાઓ તથા પોતાના પ્રતિભાવો/વિચારોની વાત કરી. હઝરત વલી ગુજરાતીએ પ્રથમ ઉર્દૂ ગઝલ લખી છે તે વાતના ઉલ્લેખ સાથે પોતે તેના વંશજ છે તેનો ગૌરવભેર ઉલ્લેખ કર્યો. ગઝલમાં ભાષાનો Force જોઈએ, કેવળ લગાગાથી કામ ન નીપજે તેવી માન્યતા રજૂ કરી. તેમણે સમજાવ્યું કે આઝાદીની લડત વખતે મેઘાણીની વાણીમાં જે બળ હતું તે વેણીભાઈ પુરોહિતની ભાષામાં ન હતું. ગઝલ અંગે તેમણે કહ્યું કે પારસી ઉદ્યાનનો ગઝલનો છોડ અહીં વિકસ્યો તેનો યશ રતિલાલ 'અનિલ' અને 'શયદા'ને જાય છે. અત્યારે લખાતી ગઝલોનાં પ્રતીકો અંગે પોતાની નારાજગી વ્યક્ત કરી. તેમણે કહ્યું કે ગઝલના શે'ર પ્રસ્તુત હોય છે કે ઉખાણાની પંક્તિઓ ? તેમણે આજની ગઝલ અંગે ત્રણ વિદ્વાનોના મત ટાંક્યા. સર્વશ્રી ધીરુ પરીખ, સિતાંશુ અને ચંદ્રકાંત ટોપીવાળા; અનુક્રમે આ મત નીચે પ્રમાણે રજૂ કર્યા - આજકાલ ગઝલો ઊભરાઈ રહી છે, કુકવિઓનો ત્રાસ વધ્યો છે, ગઝલ આજકાલ ગૃહઉદ્યોગ બની ગયો છે. ત્યારબાદ પોતે આ ત્રણે વિદ્વાનોના મત સાથે સંમત છે તેમ જણાવ્યું, અંતમાં તેમણે બે ગઝલ સંભળાવી.

બપોરે ૩-૦૦ વાગે સત્રની ત્રીજી બેઠકનો પ્રારંભ થયો હતો. 'વિવેચન-સંશોધન'ની આ બેઠકનું સંચાલન શ્રી કીર્તિદા શાહે સંભાળ્યું હતું. વિભાગીય અધ્યક્ષ શ્રી અજિત ઠાકોર હતા. શ્રી અજિત ઠાકોરે પોતાના મુદ્રિત વ્યાખ્યાન 'ભારતીય પરંપરામાં શાસ્ત્રીય વિમર્શની પદ્ધતિઓ : ટીકાના વિશેષ સંદર્ભમાં-'ના આધારે રજૂઆત કરી હતી. શબ્દશઃ પઠન ન કરતાં અગત્યના મુદ્દાઓને સ્પર્શીને અઘરા વિષયને રજૂઆત દ્વારા સરળ અને ગ્રાહ્ય બનાવવાનો ઉપક્રમ પસંદ કર્યો હતો. તેમણે નવધા શાસ્ત્રીય વિમર્શપદ્ધતિઓનો નામોલ્લેખ કર્યો હતો. સૂત્ર, વૃત્તિ, પદ્ધતિ, ભાષ્ય, સમીક્ષા, ટીકા, પંજિકા, કારિકા, વાર્તિક એવા નવ પ્રકાર છે તેમ દર્શાવી તેમના એકબીજા સાથેના આંતરસંબંધની વાત કરી હતી. તેમણે જણાવ્યું કે આવી બહુવિધ વૈચારિક પ્રક્રિયાના કારણે આપણે કોઈ પણ વિચાર કે તર્કની શૃંખલાદિ પ્રતિપાદિત કર્યા પછી પણ તેમાં બંધાઈ રહેતા નથી. એ વિચારની પેલી પાર રહેલા સત્ય તરફ ઉન્મુખને ઉત્કંઠિત બની રહીએ છીએ. અહીં તેમણે 'अेकं सत् विप्रा बहुधा वदन्ति' સૂત્રને યાદ કર્યું, ત્યારબાદ 'નવધા શાસ્ત્રીય વિમર્શપદ્ધતિની પ્રક્રિયા – ઘટકોનો અનુબંધ' મુદ્દા અંગે વાત કરી. પછી 'શાસ્ત્રીય વિમર્શની પદ્ધતિ : દાખલા તરીકે ટીકા : મેઘદૂત સંજીવિની' મુદ્દાને

વિકસાવ્યો હતો તેમણે કહ્યું કે 'આપણી ટીકાપદ્ધતિ આમૂલાગ્ર કૃતિપરિશીલનની અદ્‌ભુત પદ્ધતિ છે.' અન્તમાં તેમણે જણાવ્યું કે ''મેઘદૂતની કાવ્યયાત્રા આખરે તો કાવ્યરસિકની ભાવયિત્રી પ્રતિભા પર જ નિર્ભર છે.'' એક સરસ અભ્યાસ રજૂ થયો.

અધ્યક્ષશ્રીના વિદ્વદ્‌ભોગ્ય અભ્યાસલેખ પછી અધ્યક્ષને પ્રસન્ન કરે તેવા ત્રણ અભ્યાસલેખો આ બેઠકના વક્તાઓ સર્વશ્રી હર્ષવદન ત્રિવેદી, હસિત મહેતા તથા રાજેશ પંડ્યા દ્વારા રજૂ થયા હતા. તે ત્રણે વક્તાઓએ પોતાના નિબંધો વાંચીને રજૂ કર્યા હતા. તેમના વિષયો અનુક્રમે નીચે મુજબ હતા. ૧. પારિભાષિક સંજ્ઞાઓનું ઘડતર, ૨. પદવીકેન્દ્રી સંશોધનોની દિશા અને ગતિ ૩. મધ્યકાલીન સાહિત્ય અને વર્તમાન સંદર્ભ. સમગ્ર બેઠક ખૂબ સંતર્પક રહી. સભામંડપમાં અંતિમ ક્ષણ સુધી છેલ્લી હરોળના શ્રોતાજનો પણ ઉપસ્થિત હતા તે વાત નોંધપાત્ર હતી. વિવેચન-સંશોધનની બેઠકને ન્યાય આપે તેવા નિબંધો/અભ્યાસો રજૂ કરવા બદલ અધ્યક્ષશ્રીએ સમાપન પ્રસંગે પ્રસન્નતા વ્યક્ત કરી હતી અને શ્રોતાઓના સહકારભર્યા શ્રવણ માટે આભાર વ્યક્ત કર્યો હતો.

સત્રની ચોથી બેઠક રાત્રે ૮-૦૦ વાગે આરંભાઈ હતી. આ બેઠકમાં યજમાન સંસ્થા તરફથી સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યો હતો. શ્રી સતીશ વ્યાસલિખિત 'અંગૂલિમાલ' નાટક તથા શ્રી ચંદ્રવદન મહેતાલિખિત 'હોહોલિકા'ની નાટક એન. એસ. પટેલ આર્ટ્સ કૉલેજના વિદ્યાર્થીઓ દ્વારા ભજવવામાં આવ્યાં હતાં. આ નાટકો શ્રી કવિત્ પંડ્યા દ્વારા તૈયાર કરાવવામાં આવ્યાં હતાં. બંને નાટકોની વચ્ચે બે અન્ય કૃતિઓ રજૂ થઈ હતી. ૧. રાજસ્થાની લોકનૃત્ય ૨. શાસ્ત્રીય નૃત્ય. એક સફળ સાંસ્કૃતિક કાર્યક્રમ માણ્યાનો આનંદ હતો. 'અંગૂલિમાલ'ને ચિત્રિત કરતું બેનર લાંબા સમય સુધી મનમાંથી જાય નહિ તેવી તેની રેખાઓ હતી.

આ બેઠકમાં નાટક/સાંસ્કૃતિક કાર્યક્રમની રજૂઆત પૂર્વે ગુજરાત સાહિત્ય અકાદમીના મહાપાત્ર શ્રી હર્ષદ ત્રિવેદીનું શાલ તથા સ્મૃતિચિહ્ન અર્પણ કરીને સન્માન કરવામાં આવ્યું હતું. શ્રી મણિલાલ પટેલ તથા શ્રી મોહનભાઈ પટેલના હસ્તે શ્રી હર્ષદ ત્રિવેદીને સન્માનવામાં આવ્યા હતા. આ પ્રસંગે શ્રી હર્ષદ ત્રિવેદીએ ટૂંકું વક્તવ્ય આપ્યું હતું જેમાં તેમણે આ અધિવેશન બોલાવવા બદલ કૉલેજને ખાસ અભિનંદન આપ્યાં હતાં તથા કૉલેજ યુવા પ્રાધ્યાપકો અને વિદ્યાર્થીઓની સક્રિય સામેલગીરી માટે તેમને અભિનંદન આપ્યાં હતાં. તેમણે કહ્યું કે આવતીકાલ ઉજ્જ્વળ છે તેનાં આ એંધાણ છે. શ્રી હર્ષદ ત્રિવેદીએ પરિષદનાં ભૂતકાળનાં આવાં સત્રોનું સ્મરણ કરીને આજના વાતાવરણ બદલ ખેદ વ્યક્ત કર્યો હતો. મરાઠી અને બંગાળી ભાષામાં ત્યાંના લોકોના શબ્દોત્સાહનું હર્ષદભાઈએ વર્ણન કર્યું અને સૌને એવો ઉત્સાહ પ્રગટાવવા પ્રેર્યા. તેમણે કૉલેજના આચાર્યને પણ ખાસ અભિનંદન પાઠવ્યાં. તેમની વહીવટી કુશળતા, તેમનાં વિઝન અને મિશનને બિરદાવ્યાં. તેમણે સાહિત્યિક નાટકો જોવાનો લાભ ઓછો મળે છે તે સંજોગોમાં આજના આયોજનને આવકાર્યું. નાટકના લેખક શ્રી સતીશ વ્યાસને

અભિનંદન આપ્યાં. સતીશ વ્યાસ રંગભૂમિની જરૂરિયાત મુજબ ટેક્સ્ટમાં ફેરફાર માટે તત્પર રહેતા હોય છે તેની નોંધ લીધી. ગુજરાતમાં સારી કૉલેજોનો ઉલ્લેખ કર્યો. એચ. કે. આર્ટ્સના ભૂતકાળનું સ્મરણ કર્યું. યશવંત શુક્લને યાદ કર્યા. આવી સમૃદ્ધ પરંપરામાં આજે એન. એસ. પટેલ આર્ટ્સ કૉલેજનો ઉમેરો થયો છે તે વાતે આનંદ પ્રગટ કર્યો.

અધિવેશનની પાંચમી બેઠક તા. ૨૬મી રોજ સવારે ૮-૩૦ કલાકે આરંભાઈ હતી. આ બેઠકનું સંચાલન શ્રી જનક નાયકે કર્યું હતું. પરિસંવાદની આ બેઠકનો વિષય હતો : 'શિક્ષણના માધ્યમ તરીકે સાહિત્ય'. વિભાગીય અધ્યક્ષ હતા શ્રી રમેશ બી. શાહ. વક્તાઓ હતા સર્વશ્રી રઘુવીર ચૌધરી, ધવલ મહેતા, સુદર્શન આયંગર. અનુક્રમે તેમણે નીચેના વિષયો પર પોતાનાં નિરીક્ષણો રજૂ કર્યાં. ૧. સમૂહ માધ્યમ અને સાહિત્ય, ૨. શિક્ષણ અને સાહિત્ય, ૩. સમાજવિજ્ઞાનમાં સાહિત્ય. અધ્યક્ષશ્રીના મુદ્રિત વ્યાખ્યાનનો વિષય હતો 'ભાષા-સાહિત્યનો વિકાસ અને શિક્ષણ'. અન્ય બેઠકોની અપેક્ષાએ આ બેઠકમાં ભિન્નતા એ રહી કે અધ્યક્ષશ્રીએ અન્ય વક્તાઓને પહેલાં રજૂ કર્યા, અને છેલ્લે પોતાનાં મંતવ્યો સમાપન સમયે રજૂ કર્યાં.

શ્રી રઘુવીર ચૌધરીએ પોતાના વક્તવ્યમાં ગોવર્ધનરામની કૃતિ 'સરસ્વતીચંદ્ર'માં નિરૂપાયેલ કુમુદ અને સરસ્વતીચંદ્રની પ્રેમની સૂક્ષ્મતા/શાલીનતા તરફ ધ્યાન દોર્યું. આજે ભણસાલી એનાં એ જ પાત્રોનાં નામ લઈને પોતાની રીતે સિરિયલ ચલાવે છે તે અંગે વધુ કશું ન કહેતાં પોતે સિરિયલ જુએ છે અને દુઃખ સહન કરે છે તેમ જણાવ્યું અને ઉમેર્યું કે જેમ બીજાં ઘણાં દુઃખો સહન કરું છું તેમ આ પણ કરું છું. નાટક વ. અન્ય માધ્યમોની ચર્ચા કરી. મેળો પણ એક માધ્યમ હતું. કોઈ એક સમયે એવા મેળામાં સાંભળેલું એક લોકગીત પોતે ગાઈને રજૂ કરવાનું ઇચ્છ્યું અને ગાયું... 'ઊભી ઊભી ઉગમણે દ્વાર.' શ્રી ધવલ મહેતાએ ગુજરાતી સાહિત્યમાંથી અનેક લેખકોનાં, પ્રવૃત્તિઓનાં દૃષ્ટાન્તો આપીને પૃથક્કરણ શૈલીથી વાતને મૂકી હતી. તેમણે Sociological point of viewથી કેટલાક વિચારો મૂક્યા હતા. Institutional Conflict રજૂ કરતી નવલકથાઓ આપણે ત્યાં નથી. તેમ નોંધી તેવી નવલકથા લખાવી જોઈએ તેવો અનુરોધ કર્યો. એરપૉર્ટ, હોટેલ, મનીચેન્જર્સના પ્રકારનું સાહિત્ય આપણે ત્યાં લખાતું નથી. આ નોવેલ્સ વાંચવા અનુરોધ કર્યો. વિવેચનક્ષેત્રે આપણે ત્યાં થતાં કામ તેમણે બ્રિલિયન્ટ પાસા તરીકે જોયાં. રેમઠ જેવી Rabel પ્રવૃત્તિની હિમાયત કરી. ટેકનિકલ શિક્ષણમાં સાહિત્યનો અભ્યાસક્રમ ઉમેરવો જેથી સંવેદનશીલતા વધે તેમ કહ્યું. સંવેદનશીલતા જરૂરી છે અને સાહિત્યના અભ્યાસ/વાચન દ્વારા તે કેળવાય છે તે વાત ભારપૂર્વક મૂકી.

શ્રી સુદર્શન આયંગરે સમગ્રને પામવાની આપણી મથામણ અને ટુકડાઓમાં વહેંચીને જ્ઞાનને મેળવવાની પ્રક્રિયા પર આંગળી મૂકી અને સમગ્ર દર્શન VS ખંડદર્શનની સમસ્યા તરફ ધ્યાન દોર્યું. સાહિત્ય સારા Case Study પૂરા પાડે છે તેની દૃષ્ટાંત સાથે વાત કરી.

અધ્યક્ષશ્રી રમેશભાઈએ ઉચિત શિક્ષણને ગુજરાતી ભાષાના વિકાસના સંદર્ભમાં તપાસ્યું હતું.

૬ઠ્ઠી બેઠક સમાપન – બેઠક હતી. બપોરે ૧૧-૦૦ વાગે તેનો આરંભ થયો હતો. શ્રી પ્રફુલ્લ રાવળે આ બેઠકનું સંચાલન કર્યું હતું. મંચસ્થ મહાનુભાવોમાં સર્વશ્રી રઘુવીર ચૌધરી, રવીન્દ્ર પારેખ, વર્ષા અડાલજા, ભીખુભાઈ પટેલ, મોહનભાઈ પટેલ, જનક નાયક તથા રાજેન્દ્ર પટેલ ઉપસ્થિત હતાં.

આ બેઠકમાં સદ્‌ગત સાહિત્યકારોને શ્રદ્ધાંજલિ અર્પવામાં આવી હતી. પરિષદ વતી તથા યજમાન સંસ્થા વતી લાગણીસભર વાણીમાં આભારદર્શન કરવામાં આવ્યું હતું.

આ રીતે આણંદ ખાતેનું ૪૭મું અધિવેશન સફળતાને વર્યું હતું.

18